# પરભવમાં પેઠું રે...

સુખ તમાકુ ચાવ્યાનું કાંઈ રગરગ વહેતું રે...
તાર તાર રણઝણતું ત્રમ્... ત્રમ્...
                    આંખ ખૂલી ગઈ ત્રીજી
જોયું ને અણજોયું ચારેકોર થપાટો વીંઝી
અંગૂઠાનું જોમ છેક પરભવમાં પેઠું રે...

ખરી જતું ખરબચડું ખારું
                    ભાન છલાંગો મારી
રડ્યાખડ્યા રાજીપે આવી ભરચક પોઠ ઉતારી
એમ થતું કે લાવ રે પાછું મીંઢળ પહેરું રે...

ગાંઠ વળે લોહીમાં, વહેવું
                    નખ ફોડી ઢોળાતું
ઘેન ઘમકતી ઘૂઘરીઓનું ચડતું રાતું રાતું
વીંટી વળતી લહેરો ઉપર આજ વધેરું રે...
સુખ તમાકુ ચાવ્યાનું કાંઈ રગરગ વહેતું રે...

*જોમ = જોર/જુસ્સો*

# બોલ સો મણની શિલા

બોલવા જઈએ તો બોલ સો મણની શિલા
સંવિત્ સંકોચશીલ
અણઘડ ઉતાવળાં કે સ્પર્શો ત્યાં સંકોરે લીલા

પોપચે પડાવભેર તોળ્યો તણાવ
ઘેનકુંડીમાં ઊફણતા તાવ
આસપાસ ઊગેલી આખરતા વાઢીને
તસતસતા તોડ્યા બનાવ

ઘૂંટી ઘૂંટીને ઘોર
અથડામણ આપસની તબડાકી લેતા તોરીલા
બોલવા જઈએ તો બોલ સો મણની શિલા

આઘેથી ભાળેલી લાલપીળી ભ્રમણાઓ
પાસે જઈએ તો પારદર્શક
એવા ઉઘાડ જેવા નેજવાંના ભેદ
કરો ચર્ચા કે લોહીઝણ રકઝક

નાભિમાં ધમધમતાં
લયનાં ઘમસાણ જાણે : ધક્કે ચડ્યા હો ગોરીલા
બોલવા જઈએ તો બોલ સો મણની શિલા

# એક ઝાલું ત્યાં–

એક ઝાલું ત્યાં તેર વછૂટે...
અણધાર્યું કોઈ ગીત વીંધીને
        લોહી વીંધીને જાય ઘસાતું પગ અંગૂઠે

        રાસબરીના નીતર્યા છાંયે
        બેસતાં લાધે જાંબલી અભિજ્ઞાન
        જ્ઞાન કબૂતર, જ્ઞાન કવિતા
        જ્ઞાન ચોર્યાસી માળનું હો મકાન
જ્ઞાન પડીકું ખૂલશે પછી
        જાંબલી ટશર ફૂટશે રે કાંઈ કાનની બૂટે

        ઘૂંટડો ભરી શુંય પીધું કે
        રાગરાગિણી થઈને લીલી નદીઓ વહે
        રાગ લપેટું-રાગ વછોડું
        ઝાટકી ઝીણો વળ ચઢાવું, સદીઓ વહે
કેટલી ઝીલું ઝીંક! ઝિલ્લારે
        આંખ સલામત રહી જતી ને દેખવું ફૂટે.

*ઝિલ્લારે = ઝિલવાની ક્રિયા*

# થાંભલી

થાંભલી તો એકલી અટૂલી...
બારી પરસાળ ભીંત ઓરડો ને મોભ એકબીજામાં જાત/રાત
ગોપવીને જાય બધું ભૂલી...

ઓચિંતા આળ સામસામે ઝિંકાય
પછી તારતાર ચીંધામણ સોંસરવી નીકળે
ઓસરીની કોર લગી રેલાનું સુખ
હાથ લાંબા કરે ત્યાં ચડે પાદરના પીપળે
બારસાખ બોલે એ વાત બધી કેસરની દાબડીમાં
હેમખેમ રહેતી પણ-થાંભલીનું બોલ્યું ગૌધૂલિ...

'પોતીકી સહુને સંભાળ મારે ઊંચકવા
તડકાળા ભાર'-એમ વિચારે કુંભી
ખરતી ખડૂસ ભીંત બોલી કે-'ભૂલી જા,
થોકબંધ ઝૂરવાનું રાજપાટ સૂંઘી'
સાંભળીને પાડોશી મોગરાના છાંયડાને
મન થયુંઃ થાંભલીની થામું અંગૂલિ...

# ગાંજાનો છોડ

ગાંજાનો એક છોડ ફૂટ્યો રે... ફળિયે
પાન-પાનમાં કેફ ઝૂલતો
જોઈ-જોઈને છળીએ
ગાંજાનો એક છોડ ફૂટ્યો રે... ફળિયે

ગામતરેથી પાછા વળતાં છેડે બાંધી
લાવ્યાં ખાખી અવધૂતના અખ્ખાડામાંથી ધૂળ
ધૂળ વિશેની અણસમજણમાં ફળિયા વચ્ચે
ખૂબ ઝાટકી દીધું રે પટકૂળ...
રહી ગાંઠની કરચલીઓ
અંકાતી રે... પાંસળીએ
પાન-પાનમાં કેફ ઝૂલતો જોઈ-જોઈને છળીએ

વેંત એકનો છોડ, પાંદડાં હમચી ખૂંદે
છાયા એની ઉંબર લગ ડોકાય એટલાં આઘાં
આડશ ઓથે વહેતા ભરચક ભાદરવાના
કોરે કમખે કેમ પરોવું ડાઘા...
કેમ કરી ઉગાડું ઠાલા
અણસારા આંગળીએ
પાન-પાનમાં કેફ ઝૂલતો જોઈ-જોઈને છળીએ

# રાત રસાળે

બલમજી, અધમધ રાત રસાળે...
ધૂંઆંધાર ઘેરાતી ડમ્મર પાંપણ વચ્ચે સળવળતું એક ગામ
ગામની છાતી ઉપર કેસરિયાને દરિયો-દરિયો રમતો ભાળી
જીવ પલળતો ધોમ ઉનાળે...
બલમજી, અધમધ રાત રસાળે...

ટીપે ટીપે ટપકાતો સંદેહ ઉછેરી
જંપી રહેલાં જળમાં મારી મેખ
નખ્ખ આંગળી શોધે એવાં
તરડાતાં દશ્યોની વચ્ચે લંબાતી એક રેખ
અંદરથી ઊતરડી જાતી એકલતાની છાપ ધરીને, પચરંગી
બીડું થઈ ફરતા વગડાનો ઊઘડતો અપરંપાર ઝીલતી છાતી
રૂ-ના અઢળક લોઢ ઉછાળે...
બલમજી, અધમધ રાત રસાળે...

કુલેરના કળશી ભુક્કામાં ભળી જવાનું સુખ
સાયબા રહેતું જોજન દૂ...ર
હલે ડાળખી ફળિયે એના ઓછાયામાં
તરતાં વેરણ સાન-ભાન ચકચૂર
લવકારે લવકારે ધબકે સ્પર્શ બહાવરા, શતશત ખટકે શૂળ
શૂળ તો પરભવના સથવારા જેવી અંગત મારી અકબંધતાને
રાઈ-રાઈમાં વ્હેંચી દે સરવાળે...
બલમજી, અધમધ રાત રસાળે...

*મેખ = ખીલી, બીડું = પાન બીડું, પડીકું*

# અસમંજસનું ગીત

સ્પર્શ આંધળી આંગળીઓમાં સળવળતો થરકાટ
ઊગમણેથી... આથમણેથી
આલ્લાંલીલ્લાં પાથરણેથી
સીમ ભરીને લાવ્યું કોઈ ઉચાટ

હાથવેંતના પટપગથારે લજામણીમન રમતું અડકો-દડકો
થડકારો ચૂકીને ઝીલ્યો પાંચિકાને બદલે કાચો તડકો
અહીંથી ઝાલો... તહીંથી ઝાલો
આરપાર અટકળથી ઝાલો
નવતર જાગ્યો ખરી પડે ફફડાટ
સ્પર્શ આંધળી આંગળીઓમાં સળવળતો થરકાટ

કૈં વરસે ભાળેલી પળના તળિયે ઊમટે મૂંઝારાનું વ્હેણ
નોધારા ચકરાવા લેતા મનને વાગે ઠેસ, ચડાવે ફેણ
આઘા ડૂબે... ઓરા ડૂબે
ધોધમાર હેલ્લારા ડૂબે
ફીણફીણ થઈ ફેલે રે... ચચરાટ
સ્પર્શ આંધળી આંગળીઓમાં સળવળતો થરકાટ

*લજામણીમન = લજામણીના છોડ જેવું મન જે અડતાં જ બિડાઈ જાય.*

# કેસરભીની હથ્થેળીમાં

કેસરભીની હથ્થેળીમાં બોળી... રે તર્જની
અંગ ધ્રાસ્કો મ્હોર્યો ટપ્પક દડી પડી એક કણી

આંગળી નીચોવીએ તો રેલાતા ટાચકા
પણ કોઈ રીતે તૂટતું ના કળતર
અડિયલ ઉજાગરાનો જાંબુડિયો ગઢ
વાય વહાણું ને ખરી પડે ખર... ખર...
ભીંત ભૂલીને દીવા બદલે પેટાવ્યો રે મણિ
અંગ ધ્રાસ્કો મ્હોર્યો ટપ્પક દડી પડી એક કણી

આછેરી ઓળખેલી અણિયાળી ફૂંક
આજ વીંઝાતી કાચેરી વયમાં
સાંભરે ચટ્ટાક લાલ નીતરતા ડંખ
પછી રેબઝેબ ભીંસાવું ભયમાં
કોઈ સપરમી પીડાની ભોંકાતી તિર્યક્ અણી
અંગ ધ્રાસ્કો મ્હોર્યો ટપ્પક દડી પડી એક કણી

કેસરભીની હથ્થેળીમાં બોળી... રે તર્જની
અંગ ધ્રાસ્કો મ્હોર્યો ટપ્પક દડી પડી એક કણી

*તર્જની = પહેલી આંગળી, અડિયલ = જિદ્દી*

# પરોઢિયાનો વીંછી

ઊઈ... મા, ડંખ્યો પરોઢિયાનો વીંછી...
મનમાનીતા અંધારાનો ભરડો છૂટ્યો
હોઠ ઉપર એક
ચીસ ડૂબી ગઈ તીખી...
ઊઈ... મા, ડંખ્યો પરોઢિયાનો વીંછી...

પરવાળાં શી પાંપણ ઉપર કાજળ શાસિત રાજ!
કોરેમોરે સપનદેશનું અધખીલેલું ભાન!
શ્વેતપણાનું ધીંગું લશ્કર ગઢ મોઝારે
પહોંચ્યું લઈને
ધજા-પતાકાં ધીંગી...
ઊઈ... મા, ડંખ્યો પરોઢિયાનો વીંછી...

અંધારાનો અલપઝલપ આભાસ ફેલાવે હાથ!
જટા-ઝૂંટ અજવાળું જોતાં ચડે ઘુમરિયે શ્વાસ!
અમિયલ આંખે સાત રંગનું ઝળહળ આંજ્યું
તેજ, કહો ક્યાં?
ઝબકોળી રે પીંછી...
ઊઈ... મા, ડંખ્યો પરોઢિયાનો વીંછી...

*અમિયલ = નશાવાળી*

# એવાં થડકે રે...

એવાં થડકે રે થડકારે ઋજુ સંવેદન મર્માળું
આવે અંધારાની ઓથે એને પાંપણ વચ્ચે પાળું
મારાં સંવેદન મર્માળું

“આંગળિયો ઝંખે છે ઉન્માદી લીલ્લોછમ સ્પર્શઃ
મારા રાયવર!
નેવાંની ધારેથી દડતો ઉજાગરાનો અર્થઃ
મારા રાયવર!”
ખરતાં ગુલમ્હોરોથી સગપણ ભીના ભણકારા પંપાળું
મારાં સંવેદન મર્માળું

“વ્હાલભર્યું નામ છેક હોઠ સુધી આવીને ગુમઃ
મારા રાયવર!
નીતરતી આખ્ખાયે અંગેથી ફાળભરી બૂમઃ
મારા રાયવર!
અઢળક, સામે આવી ઊભી કોડીલ ઇચ્છાઓ લજ્જાળું
મારાં સંવેદન મર્માળું

*રાયવર = પ્રિયતમ, કોડીલ = રૂપાળી*

# ઓળઘોળ ડહોળતાં કારણ

સમજણની પાર કૈંક ઓળઘોળ ડહોળાતાં કારણ
છમ્મકછમ પગલાંની આંધી રે ઊઠી કે
ઘુમ્મરિયે આખ્ખુંયે આંગણ
સમજણની પાર કૈંક ઓળઘોળ ડહોળાતાં કારણ

ઊંડે રે ઊંડેથી સંભળાતી શરણાયું
ધ્રિબાંગ-ધ્રિબાંગ મન નાચે
આડશમાં બારણાની ઊભી રહી એકલડી
કોરાકટ કાગળિયા વાંચે
ખરબચડાં સ્પંદનમાં છળી ઊઠી છાતી તે
ઝરમરતો આરપાર શ્રાવણ
સમજણની પાર કૈંક ઓળઘોળ ડહોળાતાં કારણ

તોફાને ચડ્યું હોય અષાઢી આભ
એમ મનમાં રઘવાટ નથી મા'તો
ડેલીની ભીડેલી ભોગળને કોણ જાણે
આંખ સાથે કેવો છે નાતો
બારસાખે ચોડેલા ચાકળાનાં આભલાંમાં
છલ્લોછલ છલકાતાં કામણ
સમજણની પાર કૈંક ઓળઘોળ ડહોળાતાં કારણ

*ભોગળ = આગળિયો, નકૂચો*

# ગીત મરસિયા

સૂમસામ સન્નાટો પહેરી લખલખવું ચોધાર : બલમજી!
શ્વેત ધુમાડો ઓઢી ઊજવું ફળફળતો તહેવાર : બલમજી!

ખરેડે ઘરના ટોડલા ખરતાં મેડી-માઢ
રે કડકડતી ટાઢ, ખમવી કિયા ખંતથી?

પેલ્લી મારી રાતીચટ્ટક ચુંદલડી અંગાર : બલમજી!
સેંથીના ખાલીપે ફૂટી તીક્ષ્ણ ચળકતી ધાર : બલમજી!
સૂમસામ સન્નાટો પહેરી લખલખવું ચોધાર : બલમજી!

ઊછરે ઝાંખપ દીવડે કાળીબલ્લક ભીંત
ચગડોળાનું ચિત્ત, આંખ ઝેરવતી ઓરતા

નાયગરાનો ધોધ હીબકાં, સૂનકારો ધબકાર : બલમજી!
આંસુનું ચૂકવણું લઈને કરવા કારોબાર : બલમજી!
શ્વેત ધૂમાડો ઓઢી ઊજવું ફળફળતો તહેવાર : બલમજી!

*માઢ = મહેલ*

# મારામાંથી છટકીને...

મારામાંથી છટકીને તું
મને પરાયો ગણે!

ઓળખ નામે ચિહ્ન હતું ત્યાં મૂક્યું મોટું મીંડું
તે દિવસથી પડવા લાગ્યું મારાપણામાં છીંડું
હું અહીંથી ત્યાં આવું પણ
તું પણેનો પણે... મને પરાયો ગણે!

બની બહાવરા ચપટી આંખે તાક્યું આખ્ખું આભ
પગપાનીથી પાંપણ પર્યન્ત આભ પછીથી ડાભ
ઝાંય-ઝાંય જન્મોની ડાળો
કોરીકટ્ટ રણઝણે... મને પરાયો ગણે!

છળ તરંગો છળની ઘટના છળવત્ માણી મજા
છળમય થઈને છળથી અળગા રહેવાની આ સજા
છળપણાનો જીવ પછીથી
ફૂટતો ક્ષણે... ક્ષણે... મને પરાયો ગણે!

*ડાભ = તીણી અણીવાળું ઘાસ*

## આછરતો ભૂખરો ઉઘાડ

પાતળી સંવેદનામાં પડતી તિરાડ...
ડહોળા ખાબોચિયાનાં તળિયે ધરબાઈ જવું
પામીને આછરતો ભૂખરો ઉઘાડ...

બારી ખૂલે 'ને બંધ ઓરડાની અકળામણ
દદડીને શેરીઓમાં થઈ જાતી રેલો
છેલ્લા વળાંક ઉપર સોડ તાણી સૂતેલા
પાગલ પર રાત આખી ગુલમ્હોર વરસેલો
નામઠામ શહેરનું આ પૂછીએ તો-
કાન પાસે આવી કોઈ ધીમેથી બોલ્યું : 'મેવાડ..'
પાતળી સંવેદનામાં પડતી તિરાડ...

પાંખ જેમ વળગેલી બીક લઈ ઊડી ગયાં
પંખીઓએ સંકેલી લીધો કિલ્લોલ
ઘઉંના દાણાથી ફટફટ મારી મુઠ્ઠીઓ
લાગતી રે વલવલતી ખાલી બખોલ
સમળીના ચકરાવે કેવું નિશાન હશે?
કોણ? કયા છાપામાં છાપશે આ ધાડ...?
પાતળી સંવેદનામાં પડતી તિરાડ...

*સોડ તાણી = પગથી માથા સુધી ઓઢીને*

# ચામડીનું તળ ફોડી

આછી પીળી ’ને આછી લીલી...
બળતરા, ચામડીનું તળ ફોડી ઉપસેલી ખીલી...

એક-એક તાર થઈ તકલી પર વીંટાતું
આખ્ખુંયે ખેતર કપાસનું
હથ્થેળી પોતાની આંગળીઓ કાંતીને
ઉજવણું કરતી અમાસનું
ઊંચું ઉપાડી સ્હેજ જોઈએ તો આંખોને
અધવચ્ચે લેતું કોઈ ઝીલી રે ઝીલી...
બળતરા, ચામડીનું તળ ફોડી ઉપસેલી ખીલી...

બૂઝાતાં કોડિયાને સંકોરે નહિ એવા
પાળ્યા છે હાથ સાવ ઉજ્જડ
તાળવે પડ્યો રે કાંઈ કારમો દુષ્કાળ
બોલ લાગે છે સુક્કાતું ખડ

કાચી ચણોઠિયો શી લેણદેણ વીણું કે-
તળિયાલગ ઢોળાવા દઉં તો હઠીલી...
બળતરા, ચામડીનું તળ ફોડી ઉપસેલી ખીલી...

# દરિયાઈ સ્પર્શનાં સંવેદનોનું ગીત

સ્હેજ તારી આંગળિયે સ્પર્શ જો દરિયો તો
દરિયાની ભાષા તું બોલે
પીડાના હાથવગા આયખાને ભૂલી જઈ
મોતીને છીપ સાથે તોલે
દરિયાની ભાષા તું બોલે

ફીણ-ફીણ જીવવાની પળ મળે તોય અમે
ભરપૂર જીવાયાનું માનશું
આપણે તો મોજાં ને પરપોટા કોણ? કેવાં?
પૂરાં-અધૂરાંનું ભાન શું?
ઇચ્છા'ળા ખડકોને ટકરાતી લાગણીઓ
ઘૂઘવતાં પાણીથી ઠોલે
દરિયાની ભાષા તું બોલે

હોઠોએ ચાખ્યો'તો સોમરસ-ઘૂંટ ત્યારે
પેટમાં પડી'તી ફાળ ફળફળતી
આજ એની યાદ, મારી નજરુમાં ફૂટેલાં
દશ્યોની વચ્ચોવચ સળવળતી
ભીનાભચ્ચાક મંદ વાયરાઓ ઓઢીને
આળું-ઉદાસ મન ડોલે
દરિયાની ભાષા તું બોલે

*સોમરસ = મદિરા*

# પ્રથમ વરસાદ

સખિયન! મેઘામ્બર
સખિયન! રે નિલામ્બર

સખિયન! ફ્રાટ ફ્રાટ ગોરમ્ભો તૂટે
સખિયન! અંતઃકરણથી ધોધ વછૂટે
સખિયન! થડકારા ઝિલાય વખમ્ભર

સખિયન! ધણણણ ધણણણ ગર્જત બાજત ઢોલ મૃદંગો
સખિયન! હડૂડૂડૂ હડૂડૂડૂ લેવત હય ગજરાજ અઠિંગો
સખિયન! અરવ અંકોડે ઝળક ઝળક ઝળકાતાં ઝુમ્મર

સખિયન! કંઠ કૂંપળવત્ ઝિલમિલ છેડત મધ્ધિમ સ્વરમાં રાગ કેદારો
સખિયન! તળાવ તિરાડો હરખપદૂડી ધિનધિન નાચત હઈ ઓવારો
સખિયન! મુઠ્ઠીભર મન પર પથરાતી (લ્હેર લ્હેર લહેરાતી) મર્મર

*અંકોડે = હૂક*

# એક અકળામણનું ગીત

આખ્ખે આખું રે અસ્તિત્વ પડછાયામાં કાંપે
ઇંચ-ફૂટમાં વ્હેંચી દઈને કોણ મને આ માપે

શુકનવંતો પગ મૂકીને
એક નદી પધારી
નદી સ્વભાવે છાલક અથવા
ખળખળતી અટ્ટારી
જળની માફક વહી જવાનો શ્રાપ મને કોઈ આપે

ઇચ્છાઓ પારેવાં થઈને
દૂ..ર..દૂ..ર રહી ઊડે
હાથ હવાનાં પાથરણાંને
બાથ ભરીને સૂંઘે
રજકણ થઈને ઊડી ગયેલી આંખ રઝળતી ઝાંપે
આખ્ખે આખું રે અસ્તિત્વ પડછાયામાં કાંપે

# જીવગતિ

અરધું-પરધું જીવ્યા ત્યાં તો જીવને વાગી ઠેશ : જીવ તને ઘણી ખમ્મા!
જીવજી જીવને વાવડ દેવા ચાલ્યા જીવને દેશ : જીવ તને ઘણી ખમ્મા!

ઝરમર ઝરમર તડકે પલળ્યો મોઘમ માણી રાત : જીવ તને ઘણી ખમ્મા!
સાવ અચાનક છાતી ઉપર વાગી જીવને લાત : જીવ તને ઘણી ખમ્મા!

આકળ એની આંખો વિકળ સપનાઓ ઘેઘૂર : જીવ તને ઘણી ખમ્મા!
એનઘેન પાંપણમાં ધસમસ ઇચ્છાઓનાં પૂર : જીવ તને ઘણી ખમ્મા!

પીળીધમરક પીડ પોટલી છલ્લક છલ્લક થાય : જીવ તને ઘણી ખમ્મા!
મુઠ્ઠીમાં કાંઈ સાંભરણાંઓ ચપટીભર લઈ જાય : જીવ તને ઘણી ખમ્મા!

ઓછપનું તગતગતું આંસુ આંખે એક ઠરેલ : જીવ તને ઘણી ખમ્મા!
ક્યાં પહોંચે છે કાગળ કોઈને તેડાંનોય લખેલ : જીવ તને ઘણી ખમ્મા!

દખ્ખણપાદર ઊભી આંબલી અપલક જોતી વાટ : જીવ તને ઘણી ખમ્મા!
બાકી રહેલા મનોરથોએ ખાધી... રે પછડાટ : જીવ તને ઘણી ખમ્મા!

અરધું-પરધું જીવ્યા ત્યાં તો જીવને વાગી ઠેશ : જીવ તને ઘણી ખમ્મા!
જીવજી જીવને વાવડ દેવા ચાલ્યા જીવને દેશ : જીવ તને ઘણી ખમ્મા!

*તેડાં = નિમંત્રણ, દખ્ખણ = દક્ષિણ*

# છેલ્લી વેળાનું ગીત

અધવચ્ચેથી પાછા વળતા શ્વાસ સદંતર છૂટ્યા...

કાળે ઘોડે ફળિયા વચ્ચે કરી કારમી હાવળ
અકળાયેલો ખીલો છોડી ભાગ્યો તોડી સાંકળ
એક છલ્લાંગે લાલ લગામું મલમલપટ્ટા તૂટ્યા..

ફોરમતા ફંગોળે ચાલ્યો ભીંત પાછલી તોડી
કંકુવરણી ચારે ચૂડી હાથ પછાડી ફોડી
પાછોતર દિવસોના રેલા કપાળ કોરે ફૂટ્યા...

અધવચ્ચેથી પાછા વળતા શ્વાસ સદંતર છૂટ્યા...

*લગામું = ઘોડાને અંકુશમાં રાખવાની દોરી, મલમલપટ્ટા = ઘોડાનું જીન બાંધવાના પટ્ટા*